# નરસિંહ મહેતા

## ભજન સંગ્રહ



ગુજરાતી ભક્તિનો શ્રેષ્ઠ વિભુટી

# જાગને જાદવા

જાગને જાદવા, કૃષ્ણ ગોવાળીયા

તુજ વીના ધેનુમા કોણ જાશે

ત્રણસો ને આઠ ગોવાળ ટોળે વળ્યા

વડો રે ગોવાળીયો કોણ થાશે

હે જાગને જાદવા

દહિતણા હદીથરા ઘી તણા ઘેબરા

કઢીયેલા દૂધ તે કોણ પિશે

હરી મારો હાથીયો કાળી નાગ નાથીયો

ભુમિનો ભાર તે કોણ લેશે

હે જાગને જાદવા

જમુનાના તીરે ગૌધણ ચરાવતા

મધુરીસી મોરલી કોણ વાહશે

ભણે નરસૈયો તારા ગુણ ગાઈ રીજીયે

બુડતા બાયડી કોણ સાહશે

હે જાગને જાદવા

## જાગીને જોઉ તો જગ દિસે નહી

જાગીને જોઉ તો જગ દિસે નહી

ઉંઘમા અટપટા ભોગ ભાસે

ચિત્ત ચૈતન્ય વિલાસ કદરૂપ છે

બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે

જાગીને જોઉ તો....

પંચ મહાભુત પરબ્રહ્મ વીશે ઉપજ્યા

અણ અણુમાહી રહ્યા રે વળગી

ફૂલને ફળ તો તો વૃક્ષના જાણવા

થડ થકી ડાળ નવ હોય અળગી

જાગીને જોઉ તો....

વેદ તો એમ વદે શ્રુતી સ્મૃતિ શાખ દે

કનક કુંડલ વિશે ભેદ ન હોયે

ઘાટ ઘડીયા પછી નામરૂપ જુજવા

અંતે તો હેમનુ હેમ હોય

જાગીને જોઉ તો....

જીવ ને શિવ તો આપ ઇચ્છી એ થયા

રચી પ્રપંચ ચૌદ લોક કીધા

ભણે નરસયો એ તે જ તુ તે જ તુ

એને સમર્યા થી કે સંત સીધ્યા

જાગીને જોઉ તો....

# પઢો રે પોપટ રાજા રામના

પઢો રે પોપટ રાજા રામના રે, સતી સીતાજી રે પઢાવે

પઢો એ પોપટ રાજા રામના, સતી સીતાજી રે પઢાવે,
પાસે રે બંધાવી એજી પાંજરુ, મુખ થી રામ જપાવે...જી
હેજી પઢો રે પોપટ રાજાએ રામના, રાજાએ રામના

હેજી પોપટ તારે કારણે, એ લીલા વાંસ વઢાવુ...૨
તેનુ રે ઘડાવું પોપટ પાંજરુ, હીરલા રતને જડાવું રેજી...૨
હેજી પઢો રે પોપટ રાજાએ રામના.......

હેજી પોપટ તારે કારણે, કેવી કેવી રસોઇ બનાવુ...૨

સાકરનાં કરીને હેજી ચુરમા, ઉપર ઘી પિરસાવું રેજી...૨
હેજી પઢો રે પોપટ રાજાએ રામના.......
પાંખરે પીળી ને પગ પાતળા, કોટે કાંઠલો કાળો જી...૨
નરસયાના સ્વામી ને તમે ભજો રાગ તાણીને રૂપાળો...૨
હેજી પઢો રે પોપટ રાજાએ રામના.......

# જાગો ને જશોદાના જાયા

(વેણલા રે વાયા કાનુડા વેણલા રે વાયા

જાગો ને જશોદાના જાયા વેણલા વાયા)...૨

જાગો ને જશોદાના જાયા વેણલા વાયા
તમારે ઓશીકડે મારાં ચીર તો ચંપાયા...
જાગો ને જશોદાના જાયા વેણલા વાયા...૨

પંખીડા બોલે રે વાલા....જી

પંખીડા બોલે રે વાલા, રજની રહી થોડી રે,
સેજલડીથી ઊઠો વાલા આળસડાં મરોડો રે
જાગો ને જશોદાના કુવર વેણલા વાયા...૨

વેણલા રે વાયા કાનુડા.....

પાસુ રે મરડો તો વાલા...જી

પાસુ રે મરડો તો વાલા,ચીર લઉં તાણી રે,
સરખી રે સૈયરું સાથે જાવું રે પાણીડા રે

જાગો ને જશોદાના કુવર વેણલા વાયા...ર

વેણલા રે વાયા કાનુડા.....

સાસુ રે હઠીલી વેરણ...જી

સાસુ રે હઠીલી વેરણ, નણદી રે હઠેલી રે
પેલી રે પાડોશણ ઘેરે વલોણાઇ વાગે રે

જાગો ને જશોદાના કુવર વેણલા વાયા...ર

વેણલા રે વાયા કાનુડા.....

જેને જેવો ભાવ જાગે...જી

જેને જેવો ભાવ જાગે, તેને તેવું થાયે રે
નરસૈયાના સ્વામી વિના,આ વાણલા કેમ વાય રે

જાગો ને જશોદાના કુવર વેણલા વાયા...૨

વેણલા રે વાયા કાનુડા.....

## જે ગમે જગત ગુરૂ

જે ગમે જગત ગુરૂ દેવ જગદીશને

તે તણો ખરે ખરો ફોક કરવો

આપણો ચિંતવ્યો અર્થ કઈ નવસરે

ઉગરે એક ઉદ્વેગ ધરવો,

જે ગમે જગત ગુરૂ...

હું કરુ હુ કરું એજ અજ્ઞાનતા

શકટનો ભાર જેમ સ્વાન તાણે

સૃષ્ટિ મંડાણ છે સર્વે એની પેરે

જોગી જોગેશ્વરા કોક જાણે,

જે ગમે જગત ગુરૂ...

ઋતુ લતા પત્ર ફળ ફૂલ આપે યથા

માનવી મૂર્ખ મન વ્યર્થ સોચે

જેના ભાગ્યમા જે સમે જે લખ્યુ

તેને તે સમે તે જ પોચે,

જે ગમે જગત ગુરૂ...

ગ્રંથ ગડબડ કરી વાત ના કરી સાચી

જેને જે ગમે તેને પૂજે

મન કર્મ વાણીએ આપ માની લહે

સત્ય છે એજ મન એમ સુજે,

જે ગમે જગત ગુરૂ...

સુખ સંસારી તણા મિથ્યા કરી માનજો

ક્રિષ્ના વિના બીજુ સર્વ કાચું

જુગલ કરજોડી કરી નરસૈયો એમ કહે

જન્મ પ્રતિ જન્મ હરિ ને હુ યાચુ

જે ગમે જગત ગુરૂ...

## જ્યા લગી આત્મા તત્વ

જ્યા લગી આત્મા તત્વ ચિન્યો નહી,

ત્યા લગી સાધના સર્વ  જુથી,

જ્યા લગી આત્મા તત્વ ચિન્યો નહી,

મનુષ્ય દેહ તારો એમ એળે ગયો

માવઠાની જેમ વૃષ્ટિ રૂઠી

જ્યા લગી આત્મા.....

એ શુ થયુ સ્નાન, સેવા થકી ને,

શુ થયુ ઘેર  રહી  દાન દીધે

શુ થયુ જટા ભસ્મ લેપન ધરે,

શુ થયુ લાલ લોચન કીધે

જ્યા લગી આત્મા.....

શુ થયુ તપને તિર્થ કીધા થકી,

શુ થયુ  માળા ગ્રહી નામ લીધે

શુ થયુ  તિલકને તુલસી ધાર્યા થકી રે

શુ થયુ ગંગા જળ પાન કીધે

જ્યા લગી આત્મા.....

શુ થયુ વેદ વ્યાકરણ વાણી વધે,

શુ થયુ રાગ ને રંગ જાણે,

શુ થયુ ખટ દર્શન સેવા થકી,

શુ થયુ વરણના ભેદ આણે,

જ્યા લગી આત્મા.....

એછે પ્રપંચ સહુ પેટ ભરવા તણાજી,

આત્મા રામ પરીબ્રહ્મ ન જોયો,

કહે નરસૈંયો કે તત્વ દર્શન વીના,

રત્ન ચિંતામણી જન્મ ખોયો

જ્યા લગી આત્મા.....

# ધ્યાન ધર હરીતણુ

હે ધ્યાન ધર હરીતણુ અલ્પમતિ આળસુ

જે  થકી  જન્મના  સુખ થાયે

અવળ ધંધો કરે અર્થ કઈ નવ સરે

માયા દેખાડીને  મૃત્યુ વાયે

હે ધ્યાન ધર હરીતણુ

સકળ કલ્યાણ શ્રી કૃષ્ણના ચરણમાં

શરણ આવે  સુખ અપાર હોયે

અવળ વેપાર  તુ મેલ  મીથ્યા કરી

કૃષ્ણનુ  નામ તુ રાખ મોહે

હે ધ્યાન ધર હરીતણુ

પટક માયા  પરી અટક ચરણે હરિ

વટકમા વાત સુણતા જ  સાચી,

આશનુ ભવન આકાશ સુધી રચ્યુ

મુઢએ મૂળથી  ભીત  કાચી

હે ધ્યાન ધર હરીતણુ

સરસ ગુણ હરિતણા જે જનો અનુસરીયા

તે તણા સુજશ તો જગત બોલે રે

નરસૈયા રંકને પ્રિત પ્રભુ શુ ઘણી

અવર વેપાર નહી ભજન  તોલે

હે ધ્યાન ધર હરીતણુ

## ધ્યાન ધર હરીતણુ

હે તમારો ભરોસો મને ભારી...૨

સીતાના સ્વામી હે તમારો ભરોસો મને ભારી

હે તમારો ભરોસો મને ભારી....

રંક ઉપર વાલો ચમ્મર ઢોળાવે...૨

ભુપને કીધા ભીખારી સીતાના સ્વામી

હે તમારો ભરોસો મને ભારી....

નખ વધારી હિરણ્યાકશ્યપને માર્યો...૨

પ્રહલાદને લીધો ઉગારી સીતાના સ્વામી

હે તમારો ભરોસો મને ભારી....

ભલે મળ્યો મહેતા નરસૈયાનો સ્વામી,

નામ ઉપર જાઉં વારી સીતાના સ્વામી

હે તમારો ભરોસો મને ભારી....

# તમારો ભરોસો મને ભારી

હે તમારો ભરોસો મને ભારી...૨

સીતાના સ્વામી હે તમારો ભરોસો મને ભારી

હે તમારો ભરોસો મને ભારી....

રંક ઉપર વાલો ચમ્મર ઢોળાવે...૨

ભુપને કીધા ભીખારી સીતાના સ્વામી

હે તમારો ભરોસો મને ભારી....

નખ વધારી હિરણ્યાકશ્યપને માર્યો...૨

પ્રહલાદને લીધો ઉગારી સીતાના સ્વામી

હે તમારો ભરોસો મને ભારી....

ભલે મળ્યો મહેતા નરસૈયાનો સ્વામી,

નામ ઉપર જાઉં વારી સીતાના સ્વામી

હે તમારો ભરોસો મને ભારી....

# જશોદા તારા કાનુડાને

હે જશોદા તારા કાનુડાને સાદ કરીને વારરે...૨

આવડી ધૂમ મચાવે વ્રજમાં નહિ કોઇ પૂછણહાર રે

હે જશોદા તારા કાનુડાને સાદ કરીને વારરે

શીકુ તોડ્યુ ગોરસ ઢોળ્યુ ઉઘાડીને બાર રે...૨

માખણ ખાધુ ને ઢોળી નાંખ્યું જાણ કીધું આ વારરે

હે જશોદા તારા કાનુડાને સાદ કરીને વારરે

ખાખા ખોળા કરતો હીંડે બીયે નહી લગાર રે...૨

મઈ મથવાની ગોળી ફોડી, આશા કહીયે લાડ રે

હે જશોદા તારા કાનુડાને સાદ કરીને વારરે

મારો કાનજી ઘરમાં હતો નથી નિકળ્યો બાર રે...૨

દઈ  દુધના માટ ભર્યા બીજે ચાખે ના લગાર રે

હે જશોદા તારા કાનુડાને સાદ કરીને વારરે

શાને કાજે મળીને આવી ટોળી વળી દસબાર રે...૨

નરસૈંયાનો સ્વામી સાચો જુઠી વ્રજ નાર રે

હે જશોદા તારા કાનુડાને સાદ કરીને વારરે

## નાગર નંદજીના લાલ

નાગર નંદજીના લાલ...2

રાસ  રમંતા  મારી નથડી  ખોવાણી

કાના  જડી  હોય તો  આલ...૨

રાસ  રમંતાં મારી નથડી  ખોવાણી

નાની નાની નથડી ને માહી  જડેલા મોતી

નથડીને કારણીયે હુ તો.....૨

નૃત્ય કરું જોતી જોતી જોતી

નાગર નંદજીના લાલ...

નાની નાની નથડી ને માહી  જડેલા હીરા,

નથડી આપો ને બેની..૨

સુભદ્રાના વીરા વીરા વીરા

નાગર નંદજીના લાલ...

નાનેરી પેરુ તો મારે નાકે ના સોહાય

મોટેરી પેરુ તો મારા...૨

મુખ પર જોલા ખાય ખાય ખાય

નાગર નંદજીના લાલ...

આંબે બોલે કોયલડીને વનમા બોલે મોર

રાધાજીની નથડીનો....૨

શામળિયો છે ચોર ચોર ચોર

નાગર નંદજીના લાલ...

નથડી આપોને પ્યારા નંદના કુંવર

નરસૈંયાના સ્વામી...૨

ઉપર જાઉં રે બલિહારી

નાગર નંદજીના લાલ...

# નાનુ સરખુ ગોકુળીયુ

નાનુ સરખુ ગોકુળીયુ મારે...૨

વાલે વૈકુંઠ કીધું  રે

ભક્ત જનોને લાડ લડાવી...૨

ગોપીયો ને સુખ દીધુ રે, નાનુ સરખુ....

ખટદર્શન ખોળ્યો ન લાધેજી...૨

મુની જનને ધ્યાન નાવે રે

છાસ વલોવે નંદ ઘેર વાલો...૨

વૃંદાવન ઘેનુ ચરાવે  રે, નાનુ સરખુ....

વણ કીધે વાલો વતા કરેજી...૨

પુરણ બ્રહ્મ અવિનાશી  રે,

માખણ કાજ મહિયારી આગળ...૨

ઉભો  વદન  વિકાસી  રે, નાનુ સરખુ....

બ્રહ્માદિક જેનો પાર ન પામેજી...૨

શંકર  કરે  ખવાસી  રે

નરસૈંયાનો સ્વામી ભક્ત તણે વશ...૨

મુક્તિ સરીખી દાસી રે, નાનુ સરખુ....

# નારાયણનુ નામ જ લેતા

નારાયણનુ નામ જ લેતા, વારે તેને ભજીએ રે,

મનસા વાચા કર્મણા કરીને લક્ષ્મી વરને ભજીએ રે,

નારાયણનુ નામ જ લેતા...

કુળને તજીયે કુટુંબને તજીયે તજીએ માં ને બાપ રે,

ભગિની ,સુત, દારાને તજીયે, જેમ તજે કસુકી સાપ રે

નારાયણ નું નામ જ લેતા...

પ્રથમ પિતા પ્રહલાદે તજીઓ, ના તજીયું હરિનું નામ ને

ભરત શત્રુઘને તજી જનેતા, નવ તજીયા શ્રીરામ ને

નારાયણ નું નામ જ લેતા...

ઋષિ પત્નિ એ હરિ ને કાજે, તજીયા નિજ ભરથાર રે,

તેમાં તેનું કઈ ન ગયુ રે, પામી પદારથ ચાર રે

નારાયણ નું નામ જ લેતા...

વ્રજ વનિતા વિઠ્ઠલને કાજેજી, સર્વ તજી વન ચાલી રે,

ભણે નરસૈંયો વૃંદાવનમાં રે, મોહનવર સુમાલી રે

નારાયણ નું નામ જ લેતા...

# નારાયણનુ નામ જ લેતા

(નીરખને ગગનમાં કોણ ઘુમી રહ્યો

તે જ હું  તે જ હું શબ્દ બોલે)...૨

શ્યામના ચરણમા ઇચ્છુ છુ મરણ...૨

અહીયા કોઈ નથી ક્રિષ્ણ  તોલે

નીરખને ગગનમાં

શ્યામ શોભા ઘણી બુધ્ધિ ના શકે કળી...૨

અનંત ઓછવમા પંથ  ભુલી,

જડ ને ચૈતન્ય રસ કરી જાણવો

પકડી પ્રેમ  સજીવન  મુળી

નીરખને ગગનમાં

જળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમા...૨

હેમની કોર જયા નિસરે તોલે

સચિદાનંદ આનંદ ક્રિડા કરે,

સોના ના પારણાં મહી  જુલે

નીરખને ગગનમાં

બત્તી વિણ તેલ વિણ, સૂત્ર વિણ જો વળી...૨

અચળ જળકે સદા  મનળ દીવો,

નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો

જિહવાયે રસ સરસ પીવો

નીરખને ગગનમાં

અકળ અવિનાશીયે નવ જાએ કળ્યો...૨

અરધ ઉરધની માહે  મહાલે,

નરસૈંયાનો સ્વામી સકળ વ્યાપી રહયો

પ્રેમના તંત માં સંત જાલે

નીરખને ગગનમાં

# નીરખને ગગનમાં

(નીરખને ગગનમાં કોણ ધુમી રહ્યો

તે જ હું  તે જ હું શબ્દ બોલે)...૨

શ્યામના ચરણમા ઇચ્છુ છુ મરણ...૨

અહીયા કોઈ નથી ક્રિષ્ણ  તોલે

નીરખને ગગનમાં

શ્યામ શોભા ઘણી બુધ્ધિ ના શકે કળી...૨

અનંત ઓછવમા પંથ  ભુલી,

જડ ને ચૈતન્ય રસ કરી જાણવો

પકડી પ્રેમ  સજીવન  મુળી

નીરખને ગગનમાં

જળહળ જ્યોત ઉધોત રવિ કોટમા...૨

હેમની કોર જયા નિસરે તોલે

સચિદાનંદ આનંદ ક્રિડા કરે,

સોના ના પારણાં મહી  જુલે

નીરખને ગગનમાં

બત્તી વિણ તેલ વિણ, સૂત્ર વિણ જો વળી...૨

અચળ જળકે સદા  મનળ દીવો,

નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો

જિહવાયે રસ સરસ પીવો

નીરખને ગગનમાં

અકળ અવિનાશીયે નવ જાએ કળ્યો...૨

અરધ ઉરધની માહે  મહાલે,

નરસૈંયાનો સ્વામી સકળ વ્યાપી રહયો

પ્રેમના તંત માં સંત જાલે

નીરખને ગગનમાં

## પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા

(પ્રાણ થકી મને વૈષ્ણવ વાલા

હરનિશ  એને ગાવું  રે)...૨

પ્રાણ થકી મને વૈષ્ણવ વાલા

તપ તીરથ વૈકુંઠ પદ મુકી

મારા ભગત બોલાવે ત્યાં જાવું રે

પ્રાણ થકી મને વૈષ્ણવ વાલા

લક્ષ્મીજી અર્ધાંગના મારીજી

પણ મારા સંતની દાસી રે

અડસઠ તિર્થ મારા સંતોને ચરણે

કોટી ગંગા કોટી કાશી રે

પ્રાણ થકી મને વૈષ્ણવ વાલા

સંત ચાલે ત્યા હુ આગળ ચાલુજી

અને સંત સૂએ તો હું જાગુ રે

મારા સંતની નિંદા કરે એની

જીહવા સધળી કાપુ રે

પ્રાણ થકી મને વૈષ્ણવ વાલા

મારા બાંધ્યા વૈષ્ણવ છોડે જી

વૈષ્ણવે બાંધ્યા મેલ છૂટે રે

એક વાર મને વૈષ્ણવ બાંધે તો

તે  બંધન નવ તુટે   રે

પ્રાણ થકી મને વૈષ્ણવ વાલા

બેસીને ગાય ત્યારે ઉભો ઉભો સાંભળું

ઉભા ઉભા ગાય ત્યારે નાચું રે

હુ તો વૈષ્ણવથી ક્ષણ નહિ અળગો

ભણે નરસૈંયો સાચુ રે

પ્રાણ થકી મને વૈષ્ણવ વાલા

## ભુતળ ભક્તિ પદારથ મોટું

ભુતળ ભક્તિ પદારથ મોટુ

હે બ્રહ્મ લોકમા નાહી રે

ભુતળ ભક્તિ પદારથ મોટુ

પુણ્ય કરી અમરાપુરી પામ્યા

હે અંતે ચોરાશી  માહી  રે

ભુતળ ભક્તિ પદારથ મોટું...

હરિના જન તો મુક્તિ નો માંગે

માંગે જનમ જનમ અવતાર રે

નિત્ય સેવા નિત્ય કીર્તન ઓછવ

નીરખવા નંદ કુવર રે

ભુતળ ભક્તિ પદારથ મોટુ...

ભરત ખંડે ભુતળમાં જનમી

જેણે ગોવિંદના ગુણ ગાયા રે

ધન્ય ધન્ય તેના માત પિતાને

સફળ કરી એણે કાયા રે

ભુતળ ભક્તિ પદારથ મોટુ...

ધન્ય વૃંદાવન ધન્ય એ લીલા જી

ધન્ય એ વ્રજના વાસી રે

અષ્ઠ મહાસિધ્ધિ આંગણિયે ઉભી

મુક્તિ છે એમની દાસી રે

ભુતળ ભક્તિ પદારથ મોટુ...

ઇ રસ નો સ્વાદ શકંર જાણે જી

અને જાણે શુક દેવ જોગી રે

કઈક જાણે વ્રજની ગોપી

ભણે નરસૈંયો ભોગી રે

ભુતળ ભક્તિ પદારથ મોટુ...

## ભોળી રે ભરવાડણ

ભોળી રે ભરવાડણ હરીને વેચવાને હાલી રે

ગિરિવર ધારીને ઉપાડી, મટુકીમાં મેલી રે

ભોળી રે ભરવાડણ હરીને...૨

શેરીયે શેરીયે સાદ પાડે છે, કોઈને લેવા મુરારી રે

આ નાથના નાથને વેચે, વેચે આહીર નારી રે

ભોળી રે ભરવાડણ હરીને...૨

વ્રજ નારી પૂસે શું છે માહી, મધૂરી મોરલી વાગી રે

મટુકીને ઉતારી જોતા, મુર્છા સૌને લાગી રે

ભોળી રે ભરવાડણ હરીને...૨

બ્રમાદિક ઇંદ્રાદિક  સરખા, કૌતૂક  ઉભા પેખે રે

ચૌદ લોકમાં ન માય એને, મટુકીમાં દેખે રે

ભોળી રે ભરવાડણ હરીને...ર

ભક્ત જનના ભાગ્યે વ્રજમા, પ્રગટ્યા અંતર યામી રે

દાસા દલડાને લાડ લડાવે, નરસૈંયાનો સ્વામી રે

ભોળી રે ભરવાડણ હરીને...ર

## મારી હૂંડી સ્વીકારો મહારાજ રે,

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે શામળા ગિરધારી...ર

મારી હૂંડી શામળિયાને હાથ રે શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે શામળા ગિરધારી

હે મને એક જ તમારો આધાર રે શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

હે પ્રહલાદને ઊગારવા વાલે ધર્યુ નરસિંહ રૂપ,

સ્થંભ થકી વાલો પ્રગટીયા,

વાલે માર્યો હિરણાકંસ ભૂપ રે, શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

રાણાજીયે રઢ કરી, વળી મીરાને  કાજ

ઝેરના પ્યાલા મોકલ્યા રે

વાલો ઝેરનો જારણહાર રે શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

ગજને વાલે ઉગારીયો, અને સુદામાની ભાંગી ભૂખ

સાચી વેળાના મારા વાલમા રે

તમે ભક્તોને આપ્યા સુખરે, શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

પાંડવોની પ્રતિજ્ઞા પાળી, વળી દ્રૌપદીના પુર્યા ચિર,

નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારજો રે

તમે સુબદ્રા બાઈના વીર રે શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

ચાર જણા તિર્થ વાસી રે, વળી રૂપિયા સો  સાત,

વેલા પધારજો દ્વારકા રે,

મને ગોમતીમા નાહ્યાની ખાંત રે, શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

રેવાને નથી ઝુપસડી, વળી જમવાને નથી જુવાર,

બેટો બેટી વળાવીયા રે,

મેતો વળાવી ઘરની નાર રે, શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

ગરથ મારુ ગોપીચંદન, વળી તુલસી હેમ કેરો હાર

સાચુ નાણું મારુ શ્યામળો રે

મારે દોલતમાં ઝાંઝ પખવાજ રે, શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

નથી બ્રાહ્મણ  નઈ વાણીયો, નથી ચારણ કે નઈ ભાટ,

લોકો કરે છે મારી ઠેકડી,

નથી શામળશા શેઠ એવું નામ  રે શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

તિર્થવાસી સૌ હાલીયા રે, વળી આવ્યા નગરની બાર,

વેશ લીધો વણિકનો રે,

મારુ શામળશા શેઠ એવું નામ રે શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

હૂંડી  લાવો મારા હાથમાં,  વળી  આપું  પુરેપુરા દામ,

રૂપિયા  આપુ તમને  રોકડા  રે

મારુ શામળશા એવું નામ રે શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

હૂંડી સ્વિકારી શામળે, વળી અરજે કીધા જોને કામ

મહેતાજી કરી લખજો મને,

મુજ વાણોતર સરખા કામ રે, શામળા ગિરધારી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...

**For more such PDFs visit:**
**Onlinegyani PDF**